Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-15, Issue-2, September-2021

# મુનશીની આત્મકથા - એક અવલોકન

**શાસ્ત્રી ડિમ્પલબહેન વિનોદચંદ્ર**

એમ.એ., બી.એડ, એમ.ફીલ, શોધાર્થી (પીએચ.ડી) વી.એન.એસ.જી.યુ, સુરત મો.નં. ૯૫૮૬૧૫૪૨૩૮

e-mail : dimpalshastri@gmail.com

---

ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર, ગુર્જર અસ્મિતાના ગાયક, ભારતીય વિદ્યાભવન જેવી સંસ્થાના સ્થાપક અને કુલપતિ, સ્વતંત્રતા પૂર્વના અને પછીના સમયગાળાના ઉત્તમ રાજપુરુષ, પ્રખર મુત્સદી, તેજસ્વી ધારાશાસ્ત્રી અને પ્રતિભશાળી સર્જક મુનશી વિશે ડો. વિનોદ અધ્વયુ કહે છે કે, "મુનશીમાં એવું કયું તત્વ છે કે જે તેમની સામગ્રી, વિચારણા, નિરૂપણની અનેક મર્યાદાઓ છતાં તેમને લોકપ્રિય ને સદા જીવંત રાખે છે, તેની શોધ કદાચ ઘણા સર્જકોને તેઓ છે તે કરતાં વધુ સફળ બનાવી શકે. મુનશી ગુજરાતી સાહિત્યક્ષેત્રે માત્ર એક સર્જક, લેખક જ નહિ પણ પ્રભાવક પરિબળ બની રહ્યા છે વિરલ અને વિલક્ષણ." વ્યવસાયે વકીલ અને દેશના બંધરણના ઘડતરમાં મહત્વનો ફાળો આપનાર ક. મા. મુનશીની રાજકીય કારકિર્દી યશસ્વી રહેલી છે. સાહિત્યમાં તેઓ નવલકથાકાર, નાટ્યકાર અને આત્મકથાકાર તરીકે જાણીતા થયેલા છે.

માણેકલાલ પિતા અને તપીબામાતા ના છ સંતાનો પછી જન્મેલા સંતાન શ્રી મુનશીએ ૧૯૦૧ માં મેટ્રિકની પરીક્ષા પાસ કરીને ૧૯૦૨ માં વડોદરા કોલેજમાં પ્રવેશ મેળવ્યો હતો. એલ.એલ.બી.કરીને વકીલાત શરૂ કરેલી. વ્યક્તિ સ્વતંત્રતાનું ગૌરવ, માનવી અને માનવતાનો મહિમા, ભાવનાત્મક અપૂર્વતાના અને મહત્વકાંક્ષાથી ઉભરાતા આ સર્જક જીવનના પાછલાં વર્ષોમાં કૃષ્ણ તરફ વળે છે, એ એમના ધર્મ-સંસ્કાર-સંસ્કૃતિનાં મૂળ રંગ સામે સમુચિત છે.

ગુર્જર પ્રદેશની અસ્મિતાને સૌપ્રથમ પ્રગટ કરનાર મુનશીનું સાહિત્ય સર્જન સંખ્યા અને ગુણવત્તા ઉભય દ્રષ્ટિએ જોતાં સમાન ગણાય છે. સાહિત્યમાં તેમને નવલકથા - નાટક - નવલિકા - નિબંધ - આત્મકથા - સંશોધન - વિવેચન વગેરે ક્ષેત્રે યોગદાન આપ્યું છે. 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ', જય સોમનાથ'. 'પૃથિવી વલ્લભ' જેવી બહુ ચર્ચામાં રહેલ અને લોકપ્રિય, ઘેલું લગાડનારી ઐતિહાસિક નવલકથાઓ છે. મુનશીની 'સ્નેહસંભ્રમ' વ્યંગ-કટાક્ષ કરતી નવલકથા છે. 'સ્વપ્નદ્રષ્ટા' માં આઝાદીની ચળવળના નેતાઓના પ્રભાવ હેઠળના નવયુગોની માનસિકતાનો ચિતાર છે. 'વેરની વસૂલાત' આ સામાજિક નવલકથાથી નવલકથા લેખનનો આરંભ કરી ઐતિહાસિક નવલકથા સર્જક તરીકે સિદ્ધિને વરેલા મુનશીએ 'કૃષ્ણાવતાર' જેવી પૌરાણિક કથા આઠ ભાગમાં આપી છે. તેઓ સામાજિક, ઐતિહાસિક અને પૌરાણિક એમ ત્રણેય પ્રકારના નાટકો લખે છે. નવી રંગભૂમિ પર અનેકવાર નાટકો ભજવાયા છે. 'પીડાગ્રસ્ત પ્રોફેસર', 'બે ખરાબ જણ' વગેરે પ્રહસનો અને

વિવિધ વિષય પર લખેલા નાટકો છે. 'ધ્રુવ સ્વામીનિદેવી' ઐતિહાસિક નાટક છે. "મારી કમલા અને બીજી વાતો" આ વાર્તા સંગ્રહ આપનાર મુનશી નર્મદનું ચરિત્ર આલેખે છે અને 'નરસિંહયુગના કવિઓ' જેવા અવલોકન વિવેચન પણ કરે છે. આત્મકથા રૂપે મુનશીએ પોતાના જીવનના સંસ્મરણો 'અડધે રસ્તે - સીધા ચઢાણ' અને 'સ્વપ્નસિદ્ધિની શોધમાં' આલેખ્યા છે. નિબંધક્ષેત્ર યથાયોગ્ય પ્રદાન કરનાર મુનશીના ચાળીસેક જેટલા અંગ્રેજી ગ્રંથો નોંધપાત્ર છે. તેમના અવસાન પછી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા 'મુનશી ગ્રંથાવલિ' પ્રગટ કરવામાં આવી છે. ગુજરાતી ભાષા મુનશીની કલમે વધુ સુંદર બની અને એમના એકતાના દર્શનથી ગુજરાતી સાહિત્ય પૃષ્ટ થયું.

'સ્વપ્નસિદ્ધિની શોધ' માં બે વિભાગો છે. આ આત્મકથાખંડના, 'એ ત્રણ મારા જીવનની વિધાત્રીઓને' આ 'અર્પણ'ના શબ્દો મૂકીને પ્રથમ નવ અને બીજામાં વીસ પ્રકરણો શીર્ષક સાથે દર્શાવેલ છે. કુલ મળી ને ૨૩૭ પૃષ્ઠો ધરાવતો ત્રીજો ખંડ (૧૯૨૩ થી ૧૯૨૬) સુધી છે. લેખક પ્રસ્તાવનામાં જણાવે છે કે, "સમસ્ત જીવનનો આ સમય સૌથી અગત્યનો ને સર્જનાત્મક માનું છું. એ વર્ષોમાં જીવન નવું ઘડાયું અને તેથી મારી દ્રષ્ટિએ એનું મહત્વ અધિક છે." અને 'પ્રચંડ વ્યક્તિત્વનો માર્ગ' અને 'આર્યત્વ' ના આ સ્વાનુભવમાંથી સર્જાયેલા 'સ્વપ્નદ્રષ્ટા રસાસ્વાદનો અધિકાર 'તર્પણ' નો ઉલ્લેખ કરીને કહે છે કે આમ, "પ્રાચીન પ્રણાલીનો વિધ્વંસક હું આર્યત્વની શોધમાં સનાતન સત્ય જોવામાં પ્રયત્ન કરી રહ્યો." - આ રીતે કેફિયત મૂકીને આત્મકથાનો અંતિમ ભાગ પૂરો કરે છે.

તેજસ્વી સાહિત્યકાર મુનશીના વ્યક્તિત્વના ધારાશાસ્ત્રી, વહીવટદાર, હૈદ્રાબાદ રાજ્યના એજન્ટ, જનરલ, અન્નમંત્રી, રાજ્યપાલ, દેશભક્ત, મુત્સદી, સંસ્કારપુરુષ એવા વિવિધ પાસા ઉજ્જવળ રૂપે પ્રગટ થયા છે. તે જ રીતે એમનામાંના સાહિત્યપુરુષના વિવિધ રૂપો પણ તેજસ્વિતાથી અંકિત થયા છે.

મુનશીએ ગદ્યસ્વરૂપમાં જ સઘળું ખેડાણ કરેલું અને આ સર્જનાત્મક ગદ્ય કાવ્યસ્વરૂપના અભાવને વરતાવા દેતું નથી. જીવંત પાત્રો, ધસમસતો વાર્તાપ્રવાહ, ચોટદાર માર્મિક સંવાદો, પાત્રના ભીતર - બાહ્ય સંઘર્ષ અને કૃતિને દીપાવતું નાટ્યત્વ મુનશીની કથાસૃષ્ટિની વિશેષતા છે. મુનશીનું ગદ્ય સાહિત્ય આમ તો અઢળક છે અને આવા અઢળક સાહિત્યનો અભ્યાસ તો પાર વિનાનો છે. આમ છતાં તેમના આત્મકથા સાહિત્ય ઉપર યથાશક્તિ પ્રકાશ પ્રક્ષેપિત કરવાનો માત્ર પ્રયાસ કર્યો છે.

સંદર્ભ :


૧. 'અડધે રસ્તે' - મુનશીની આત્મકથા

૨. 'સીધાં ચઢાણ' - મુનશીની આત્મકથા

૩. 'સ્વપ્નસિદ્ધિની શોધમાં - મુનશીની આત્મકથા

૪. 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ'

૫. 'કૃષ્ણવતાર' નવલકથા